# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


SGCCI

રેફ નં. તા: ૧૬/૦૫/૨૦૨૪

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

## ચેમ્બરના પ્રતિનિધિ મંડળની નવી દિલ્હી ખાતે થાઈલેન્ડ અને વિયેતનામના એમ્બેસેડરો તથા તાન્ઝાનિયાના ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટના મિનિસ્ટર સાથે મુલાકાત, દ્વિપક્ષીય વેપાર વધારવા રજૂઆત

### ચેમ્બરના વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ અને ઉપ પ્રમુખના પદગ્રહણ સમારોહમાં થાઈલેન્ડના એમ્બેસેડરને અતિથિ વિશેષ તરીકે પધારવા આમંત્રણ આપવામાં આવ્યું

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના હાલના ઉપ પ્રમુખ તેમજ પ્રેસિડેન્ટ ઈલેકટ શ્રી વિજય મેવાવાલા, હાલના માનદ્ મંત્રી તેમજ વાઇસ પ્રેસિડેન્ટ ઈલેકટ શ્રી નિખિલ મદ્રાસી, પૂર્વ પ્રમુખ શ્રી રોહિત મહેતા અને ઈન્ડો થાઇ ચેમ્બર ઓફ એમએસએમઇના મેનેજિંગ ડિરેકટર શ્રી રાકેશ ત્રિવેદી સહિતના પ્રતિનિધિ મંડળે સોમવાર, તા. ૧૩ મે, ૨૦૨૪ના રોજ નવી દિલ્હી ખાતે થાઈલેન્ડના એમ્બેસેડર હર એકસલન્સી પાત્રાત હોન્ગથોન્ગ, વિયેતનામના એમ્બેસેડર હીઝ એકસલન્સી ગુયાન થાન્હ હાઇ અને તાન્ઝાનીયાના ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટના મિનિસ્ટર ફેન્યુઅલ જોસેફ માથિયા સાથે મુલાકાત કરી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે થાઈલેન્ડના એમ્બેસેડર હર એકસલન્સી પાત્રાત હોન્ગથોન્ગ, વિયેતનામના એમ્બેસેડર હીઝ એકસલન્સી ગુયાન થાન્હ હાઇ અને તાન્ઝાનીયાના ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટના મિનિસ્ટર ફેન્યુઅલ જોસેફ માથિયાને ભારત સાથે દ્વિપક્ષીય વેપાર વધારવા માટે અને બે દેશો વચ્ચે વ્યાપારિક સંબંધો વધુ મજબૂત કરવા માટે અનુરોધ કર્યો હતો. આ ઉપરાંત થાઈલેન્ડ, વિયેતનામ અને તાન્ઝાનીયામાં વિવિધ ઉદ્યોગ – ધંધામાં રહેલી તકો વિશેની માહિતી સુરતના ઉદ્યોગકારોને આપવા માટે તેઓને સુરત ખાતે પધારવા માટેનું આમંત્રણ આપ્યું હતું.

ખાસ કરીને થાઈલેન્ડના એમ્બેસેડર હર એકસલન્સી પાત્રાત હોન્ગથોન્ગને ચેમ્બર ઓફ કોમર્સના વર્ષ ૨૦૨૪–૨૫ના પ્રમુખ અને ઉપ પ્રમુખના પદગ્રહણ સમારોહમાં અતિથિ વિશેષ તરીકે પધારવા માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું, જેનો તેઓએ સહર્ષ સ્વીકાર કર્યો હતો.

તદુપરાંત તાન્ઝાનીયાના ટ્રેડ એન્ડ ઇન્વેસ્ટમેન્ટના મિનિસ્ટર ફેન્યુઅલ જોસેફ માથિયાની સાથે થયેલી મુલાકાતમાં પણ ભારત સાથે દ્વિપક્ષીય વેપાર વધારવાની દિશામાં મહત્વની ચર્ચા વિચારણા કરવામાં આવી હતી. તાન્ઝાનિયામાં જુદા–જુદા ઉદ્યોગો જેવા કે માઇનીગ એન્ડ મેટલ, એગ્રીકલ્ચર, એગ્રો પ્રોસેસિંગ, હેલ્થકેર, ઓટો મોબાઇલ, એન્જીનિયરીગ એન્ડ સર્વિસિંગ, ટેક્ષ્ટાઇલ, બિલ્ડીગ મટિરિયલ, ટુરીઝમ અને આઇટી ક્ષેત્રે રોકાણ કરવા માટે વિપુલ તકો ઉપલબ્ધ છે, આથી ચેમ્બર ઓફ કોમર્સના પ્રતિનિધિ મંડળે સુરતના ઉદ્યોગકારોને તાન્ઝાનિયામાં વિવિધ પ્રોડકટને એક્ષ્પોર્ટ કરવા માટેની તકો પૂરી પાડવા તેઓને અનુરોધ કર્યો હતો.